પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૪૨ • કુલ પાના : ૪ • તારીખ : ૦૭-૦૬-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com


પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ગુજરાત બોર્ડ ધોરણ ૧૦નું પરિણામ જાહેર

## સુરત જિલ્લાનું સૌથી વધુ પરિણામ ૭૫.૬૪ ટકા, જયારે પાટણનું સૌથી ઓછું ૫૪.૨૯ ટકા પરિણામ

ગાંધીનગર,

ગુજરાત બોર્ડ ઓફ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન દ્વારા આજે સોમવાર, જૂન ૬ ના રોજ ધોરણ ૧૦ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓએ ૧૦મા ધોરણનું પરિણામ સત્તાવાર વેબસાઈટ દ્વારા જોયું હતું.



રાજ્ય સરકારે જાહેર કરેલા આંકડા મુજબ ધોરણ ૧૦ નું કુલ પરિણામ ૬૫.૧૮ % આવ્યું છે. જેમાં સૌથી વધુ પરિણામ સુરત જિલ્લાનું આવ્યું છે. જ્યારે સૌથી ઓછું પરિણામ પાટણ જિલ્લાનું આવ્યું છે. આ પરીક્ષામાં કુલ ૭,૮૧,૭૦૨ નિયમિત પરીક્ષાર્થીઓ નોંધાયા હતા, જે પૈકી ૭,૭૨,૭૭૧ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને ૫,૦૩,૭૨૬ પરીક્ષાર્થીઓ પ્રમાણપત્રને પાત્ર બનતા નિયમિત પરીક્ષાર્થીઓનું પરિણામ ૬૫.૧૮ ટકા જાહેર કરવામાં આવે છે. જ્યારે રિપીટર પરીક્ષાર્થી તરીકે ૧,૪૦,૪૮૫ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. તે પૈકી ૧,૩૩,૫૨૦ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૪૧,૦૬૩ પરીક્ષાર્થીઓ સફળ થતાં તેઓનું પરિણામ ૩૦.૭૫ ટકા આવ્યું છે . આ ઉપરાંત ખાનગી પરીક્ષાર્થી તરીકે નોંધાયેલ કુલ ૧૭,૯૪૪ પરીક્ષાર્થીઓ પૈકી ૧૫,૦૦૭ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૨,૫૫૭ પરીક્ષાર્થીઓ પ્રમાણપત્રને પાત્ર બનેલ છે. તેઓનું પરિણામ ૧૭.૦૪ ટકા આવેલ છે.

બોર્ડ તરફથી આપવામાં આવેલી માહિતી પ્રમાણે આ વર્ષે કુલ ૭,૭૨,૭૭૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી ૫,૦૩,૭૨૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આ વર્ષે કુલ સરેરાશ પરિણામ ૬૫.૧૮% ટકા આવ્યું છે.પરીક્ષામાં ઉપસ્થિત રહેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૭,૭૨,૭૭૧ હતી જેમાંથી ૫,૦૩,૭૨૬ વિદ્યાર્થીઓ પાસ થયા, સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર (રૂપાવટી, રાજકોટ),૯૪.૮૦% જયારે સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર (રૂવાબારી મુવાડા, દાહોદ ૧૯.૧૭% છે સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો (સુરત),૭૫.૬૪% સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો (પાટણ) ૫૪.૨૯% રહ્યું છે જયારે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા ૨૯૪ રહી છે અને ૩૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળા ૧૨૧ છે, કુમારોનું પરિણામ ૫૯.૯૨% જયારે કન્યાઓનું પરિણામ ૭૧.૬૬% રહ્યું છે.૧૨૧ શાળાઓનું પરિણામ શૂન્ય આવ્યું.


ધોરણ ૧૦ બોર્ડના ૬૫.૧૮ ટકા પરિણામમાં ગુજરાતી માધ્યમનું ૬૩.૧૩ ટકા, હિન્દી માધ્યમનું ૬૩.૯૬ ટકા અને અંગ્રેજી માધ્યમનું ૮૧.૫૦ ટકા પરિણામ આવ્યું છે. આ સિવાય અમદાવાદ જિલ્લાનું ૬૩.૯૮% પરિણામ આવ્યું છે જયારે ગાંધીનગર જિલ્લાનું ૬૫.૮૩% પરિણામ, જૂનાગઢ જિલ્લાનું ૬૬.૨૫% પરિણામ, વડોદરા જિલ્લાનું ૬૧.૨૧% પરિણામ, રાજકોટ જિલ્લાનું ૭૨.૮૬% પરિણામ અને જામનગર જિલ્લાનું ૬૯.૬૮% પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે, ચાલુ વર્ષે ધોરણ ૧૦ના પરિણામમાં ૧૨,૦૯૦ વિદ્યાર્થીઓને એ-૧ ગ્રેડ, ૫૨,૯૯૨ વિદ્યાર્થીઓને એ-૨ ગ્રેડ, ૯૩,૬૦૨ વિદ્યાર્થીઓને બી-૧ ગ્રેડ, ૧,૩૦,૦૯૭ વિદ્યાર્થીઓને બી-૨ ગ્રેડ, ૧,૩૭, ૬૫૭ વિદ્યાર્થીઓને સી-૧ ગ્રેડ મેળવ્યો છે. જયારે સ્ટાન્ડર્ડ ગણિતનું ૯૨.૬૩ ટકા પરિણામ,બેઝિક ગણિતનું ૬૯.૫૩ ટકા પરિણામ, ગુજરાતી ભાષાનું ૮૨.૧૫ ટકા પરિણામ, અંગ્રેજી પ્રથમ ભાષાનું ૯૪.૭૩ ટકા જયારે બીજી ભાષાનું ૮૦.૩૦ ટકા પરિણામ આવ્યું છે પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓએ ખુશી વ્યકત કરી હતી અને એક બીજાને મોં મીઠુ કરાવ્યું હતું અને ઢોલ નગારાના તાલે ગરબા લીધી હતી વિદ્યાર્થીઓ શાળાએ પહોંચી ગયા હતાં અને ઉજવણી કરી હતી આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે. બોર્ડની વેબસાઈટ પર બંને નેતાઓએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતા લખ્યું છે કે, "ધોરણ ૧૦નું પરિણામ જાહેર થવાના અવસરે તમામ વિદ્યાર્થીઓને હ્રદયપૂર્વક અભિનંદન અને ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ.જણાવી દઈએ કે એસએસસી ધોરણ ૧૦ની પરીક્ષા ૨૮ માર્ચથી ૯ એપ્રિલ, ૨૦૨૨ દરમિયાન લેવામાં આવી હતી. જેમાં લગભગ ૧૦ લાખ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. એસએસસી પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની સંખ્યા ગત વર્ષે ૧૪.૦૩ લાખથી ઘટીને ૯.૭૨ લાખ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ રોલ નંબરનો ઉપયોગ કરીને એસએસસી ધોરણ ૧૦મી પરીક્ષાનું સ્કોર કાર્ડ ડાઉનલોડ કરી શકે છે.

ગયા વર્ષે, ગુજરાત બોર્ડ ધોરણ ૧૦ ની પરીક્ષામાં પાસની ટકાવારી ૧૦૦ ટકા હતી કારણ કે કોવિડ-૧૯ રોગચાળાને ધ્યાનમાં રાખીને પરીક્ષા રદ કરવામાં આવી હતી. તાજેતરમાં બોર્ડે ધોરણ ૧૨ ની એચએસસી સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું છે જેમાં કુલ ૮૬.૯૧ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે."

## સ્ટેશનરી, યુનિફોર્મ, સ્કુલબેગ સહિતની વસ્તુઓ મોંઘી : વાલીઓ પર વધુ એકવાર મોંઘવારીનો માર

અમદાવાદ,

શાળાઓમાં વેકેશન પૂર્ણ થતાં જ વાલીઓ નવા સત્રના અભ્યાસ માટે તૈયારીઓમાં લાગી ગયા છે. વાલીઓ પોતાના પાળી માટે નવી સ્કૂલબેગ, યુનિફોર્મ, સ્ટેશનૃ અને પાણીની બોટલ જેવી વસ્તુઓની ખરીદી કરવા માટે બજારમાં ઉમટી પડ્યા છે. ત્યારે હાલમાં બજારમાં ભારે મોંઘવારીનો સમનોકર્વો પડી રહ્યો છે. વિધાર્થીઓને લગતી દરેક ચીજ વસ્તુમાં મોટો ભાવ વધારો જોવા મળી રહ્યો છે.



સ્ટેશનરી, યુનિફોર્મ, સ્કુલબેગના ભાવમાં ૨૦થી૨૫ ટકા વધારો નોધાયો છે. ૮૦૦ રૂપિયાના યુનિફોર્મની કિંમત વધીને ૧૦૦૦ થઈ છે. તો પેટ્રોલ ડીઝલ અને સીએનજી ના ભાવ વધતાં સ્કૂલ વાનના ભાડામાં પણ ૨૦ટકા વધારાની સંભાવના જોવાઈ રહી છે. નવું શૈક્ષણિક વર્ષ વાલીઓના ખિસ્સા પર ચોક્કસ થી બોજ વધારશે. તો બીજી બાજુ કાગળના ભાવમાં પણ વધારો નોધાયા નોટબુક અને પુસ્તકોના ભાવમાં પણ વધારો નોધાઈ શકે છે.

નવું સત્ર શરૂ થતા બાળકો પુસ્તકો, નોટબુકો, કંપાસબોક્સ, યુનિફોર્મ, દફતરોની ખરીદી કરવા નીકળતા વાલીગણ અનેક સમસ્યાથી ચિંતિત બન્યો છે. જેવી શાળા તેવો ખર્ચ અનુસાર વાલીઓ પોતાના ખર્ચમાં કાપ મુકીને પણ પોતાના સંતાનના ભાવિની ચિંતા કરી ભણતરનો આર્થિક ભાર ઉઠાવી રહ્યા છે. તો સાથે ટ્યૂશન તો આજે ફરજિયાત બની ગયા છે. તો ત્યષ્ણ સંચાલકોએ પણ ફીમાં પણ વધારો ઝીંકાયો છે. સ્કૂલ ડ્રેસ, ફી, સ્ટેશનરીના ભાવ વધવા સાથે જે તે વિષયના શિક્ષકોએ ટ્યૂશન ફીમાં વધારો ઝીંકતા સામાન્ય માંસ માટે આજે બાળકોને ભણાવવા એક મોટી સમસ્યા બનતું જાય છે.

વાલીઓની મૂંઝવણ વધી ગઈ છે. સ્થાનિક બજારમાં નોટો, ચોપડામાં ૨૦થી ૨૫ ટકા જેવો ભાવવધારો ઝીંકાયો છે. સ્કૂલ બેગની કિંમત વધીને રૂ. ૨૦૦ થી ૧૫૦૦ સુધી પહોંચી છે. આ વર્ષે ટ્રોલી સ્કૂલ બેગ મોંઘી હોવા છતાં તેની ડિમાન્ડ વધી છે. ભાવવધારા છતાં વાલીઓ બાળકોને તેની પસંદ અને મજબૂતાઈને ધ્યાનમાં રાખી એ રીતની બેગ ખરીદે છે.ખાનગી પ્રકાશનોના પુસ્તકોના ભાવમાં પણ વધારો નોંધાવાણી શક્યતા છે. જેથી વાલીઓએ નોટબુકો અને ફુલસ્કેપ ચોપડામાં ભાવવધારો સહન કરવાની નોબત આવી શકે છે.

## પયગંબર પર વિવાદિત ટિપ્પણીને પગલે અનેક ઈસ્લામિક દેશોએ વિરોધ વ્યકત કર્યો

નવીદિલ્હી,

ભારતીય જનતા પાર્ટીના નેતાઓની પયગંબર મોહમ્મદ પર વિવાદિત ટિપ્પણીને પગલે કેટલાક મુસ્લિમ દેશોએ ભારતીય રાજદૂતને તેડું મોકલ્યું. કતાર, ઈરાન, કુવૈતે ટિપ્પણીઓની ટીકા કરતા કડક વિરોધ નોંધાવ્યો. આ ઉપરાંત કેટલાક અન્ય મુસ્લિમ દેશોએ વિરોધ વ્યક્ત કરતા નિવેદન પણ બહાર પાડ્યા.

ટિપ્પણીઓ મામલે કતાર અને કુવૈત સ્થિત ભારતીય દૂતાવાસના પ્રવક્તાએ એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું કે રાજદૂતે કહ્યુ કે તે ટ્વીટ કોઈ પણ પ્રકારે ભારત સરકારના વિચારોને દર્શાવતા નથી. તે હાંસિયાના તત્વોના વિચાર છે. પ્રવક્તાએ વધુમાં કહ્યુ કે કતારમાં ભારતીય રાજદૂત દીપક મિત્તલે વિદેશ કાર્યાલયમાં એક બેઠક પણ યોજી જેમાં ભારતમાં વ્યક્તિઓ દ્વારા અન્ય ધર્મના પૂજનીય લોકોને બદનામ કરનારા કેટલાક આપત્તિજનક ટ્વીટ્સ અંગે ચિંતા વ્યક્ત કરાઈ.

અત્રે જણાવવાનું કે જે સમયે કતાર સરકારે ભારતીય રાજનયિકને તેડું મોકલ્યું તે જ સમયે હાલ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડું પણ કતારના પ્રવાસે છે. તેમણએ રવિવારે કતારના પ્રધાનમંત્રી શેખ ખાલિદ બિન ખલીફા બિન અબ્દુલઅઝીઝ અલ સાની સાથે મુલાકાત કરી. આ દરમિયાન કતારના વિદેશ મંત્રાલય દ્વારા ભારતના રાજનયિકને એક નોટ સોંપવામાં આવી. જેમાં ભાજપ દ્વારા બંને નેતાઓના સસ્પેન્શનના નિર્ણયનું સ્વાગત કરાયું.

પયગંબર પર આપત્તિજનક નિવેદન બદલ કતાર સરકારે તો ભારત સરકાર પાસે જાહેરમાં માફીની માંગણી પણ કરી છે. કતાર સરકારે કહ્યું કે કતાર સરકાર ભારત સરકાર પાસે જાહેર માફી અને આ ટિપ્પણીઓની તત્કાળ ટીકાની આશા રાખે છે. આ બધા વચ્ચે કુવૈતમાં પણ રાજદૂત સિબી જ્યોર્જને રવિવારે તલબ કરવામાં આવ્યા અને એશિયાઈ મામલાના સહાયક વિદેશ મંત્રી દ્વારા એક અધિકૃત વિરોધ નોટ સોંપવામાં આવી. ઈરાનમાં ભારતીય રાજદૂત ધામૂ ગદ્દામને પણ તહેરાનમાં રવિવારે સાંજે દક્ષિણ એશિયાના મહાનિદેશક દ્વારા વિદેશ મંત્રાલય તલબ કરાયા. વિવાદાસ્પદ ટિપ્પણીને લઈને કડક વિરોધ વ્યક્ત કરાયો. આ ઉપરાંત અન્ય ઈસ્લામિક દેશો જેમ કે પાકિસ્તાન, અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર, સાઉદી અરેબિયા, બહેરિને પણ વિવાદિત ટિપ્પણીઓ પર આકરો વિરોધ વ્યક્ત કરતા નિવેદન બહાર પાડ્યા છે.

અત્રે જણાવવાનું કે તાજેતરમાં ભારતીય જનતા પાર્ટીના નેતા નૂપુર શર્મા અને નવીનકુમાર જિંદાલ દ્વારા પયગંબર પર આપત્તિજનક ટિપ્પણીઓ બાદ ખુબ હોબાળો મચ્યો હતો. ભાજપ દ્વારા આકરા પગલાં લેવાતા નૂપુર શર્મા તથા નવીન જિંદાલને તાકીદે પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા.

## ગુજરાતમાં બે દિવસ બાદ ગરમીમાં ઘટાડો થશે, શહેરમાં પારો ૪૨ ડિગ્રીને પાર

અમદાવાદ,

ગુજરાત રાજ્યમાં ગરમીનો કહેર યથાવત છે તો બીજી તરફ અમદાવાદમાં ગરમીનું પ્રભુત્વ યથાવત્ રહ્યું છે અને સતત પાંચમાં દિવસે મહત્તમ તાપમાનનો પારો ૪૨ ડિગ્રીથી વધારે નોંધાયો હતો. રાહતની વાત એ છે કે, આગામી બે દિવસ બાદ ગરમીના પ્રમાણમાં તબક્કાવાર ઘટાડો થવાનું હવામાન વિભાગ દ્વારા અનુમાન કરાયું છે.

ગુજરાતમાં અમદાવાદ ૪૨.૫ ડિગ્રી,ગાંધીનગર ૪૨.૦, જુનાગઢ ૪૨.૦, અમરેલી ૪૨.૦, રાજકોટ ૪૧.૯, ડીસા, ૪૧.૨ પાટણ ૪૧.૨, વડોદરા ૪૦.૨ સુરત ૩૪.૪ ડિગ્રી નોંધાયુ હતું આજે દિવસ દરમિયાન ૪૨.૫ ડિગ્રી સાથે અમદાવાદમાં સૌથી વધારે ગરમી નોંધાઈ હતી. અમદાવાદના સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં બે ડિગ્રીનો વધારો નોંધાયો હતો.

હવામાન વિભાગના મતે આગામી ૯ જૂન બાદ અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહે અને તાપમાન ૪૦ ડિગ્રીથી નીચે જાય તેવી સંભાવના છે. જોકે, હવામાન અંગે આગાહી કરતી ખાનગી સંસ્થાના મતે અમદાવાદમાં આગામી ૧૨ જૂન સુધી ગરમીનો પારો ૪૨ ડિગ્રીની આસપાસ રહેશે. ૧૭ જૂન બાદ અમદાવાદમાં પ્રી મોન્સૂન એક્ટિવિટી શરૃ થઈ શકે છે. અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, જુનાગઢ, અમરેલી, રાજકોટ, ડીસા અને પાટણમાં પણ ગરમીનો પારો ૪૧ ડિગ્રીથી વધારે નોંધાયો હતો. હવામાન વિભાગે જણાવ્યું છે કે, 'આગામી ૪૮ કલાક બાદ મહત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો નોંધાઈ શકે છે. ૧૦ જૂનના વલસાડ, નવસારી, દમણ, દાદરા નગર હવેલીમાં ૩૦ થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાની સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે.

## ૩૦ જૂનથી સમગ્ર દેશમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ

નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે સિંગલ યુઝ પ્લાસ્ટિક, ખાસ કરીને પન્નિઓ અને પાણીની બોટલોથી પર્યાવરણને થઈ રહેલા નુકસાનને રોકવાની દિશામાં મહત્વનો નિર્ણય કર્યો છે. સરકારે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને એડવાઈઝરી જારી કરીને સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ઉત્તરોત્તર બંધ કરવાની સલાહ આપી છે.



સરકારનુ કહેવુ છે કે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને પર્યાવરણ મંત્રાલયના આદેશો અનુસાર દેશના ૪,૭૦૪માંથી ૨,૫૯૧ શહેરી સ્થાનિક એકમોએ સિંગલ યુઝ પ્લાસ્ટિકને પહેલાથી પ્રતિબંધિત કરી રાખ્યા છે. બાકીના ૨,૧૦૦થી વધારે એકમો પણ ૩૦ જૂન સુધી ગમે તેમ કરીને આની પર પ્રતિબંધ લાગુ કરે.

એડવાઈઝરીમાં કેન્દ્રએ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને ૩૦ જૂન સુધી ગતિવિધિઓ શરૂ કરવાનુ કહ્યુ છે. ખાસકરીને પ્લાસ્ટિકની પન્ની અને પાણીની બોટલવાળા કચરાની સફાઈ માટે મોટા માટે સફાઈ અભિયાન ચલાવવાનુ કહેવાયુ છે. અત્યારે સ્વચ્છ ભારત મિશન-શહેરી ૨.૦ હેઠળ આવાસ અને શહેરી મામલાનુ મંત્રાલય જે કામ કરી રહ્યુ છે, તેમાં પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નાબૂદી સામેલ છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યુ છે કે સફાઈ કાર્યમાં ઝડપ માટે એસયૂપી હોટસ્પોટની ઓળખ અને તેમને નષ્ટ કરવુ જરૂરી છે.

## અનિલ અંબાણીની વિદેશમાં રૂા.૮૦૦ કરોડની મિલ્કતો : બ્લેક મની એકટ હેઠળ કાર્યવાહી થશે

મુંબઈ,

દેશના એક સમયના ટોચના ઉદ્યોગપતિ અનિલ અંબાણીની મુશ્કેલી વધશે અને હવે તેમની સામે વિદેશમાં અઘોષિત સંપતિ, બેંક ખાતા અને રોકાણ બદલ રૂા.૮૦૦ કરોડની બેનામી સંપતિ બદલ બ્લેક મની એકટ હેઠળ કાર્યવાહી થશે. આવકવેરા વિભાગના ઈન્વેસ્ટીગેશન વીંગ દ્વારા માર્ચ ૨૦૨૨માં આ અંગેનો આખરી આદેશ આપવામાં આવ્યો હતો અને હવે અંબાણી જુનીયર સાથે બ્લેક મની એકટ હેઠળ કામગીરી ચાલુ થશે. ૨૦૧૯માંજ અનિલ અંબાણીની વિદેશમાં અસ્કયામતો અંગે તેઓને નોટીસ આપવામાં આવી હતી. જેમાં તેઓએ વિવિધ બેનામી કંપનીઓ મારફત આ જંગી રોકાણ કર્યુ હતું જે તેઓએ આવકવેરા વિભાગ સમક્ષ જાહેર કર્યુ હતું અને હવે આખરી આદેશ આપવામાં આવ્યા છે. અનિલ અંબાણી અને તેમની કંપનીઓ જેમાં આખરી લાભકર્તા ખુદ અનિલ અંબાણી હોય તે રીતે બહામાસ અને બ્રિટીશ વર્જીન આઈલેન્ડમાં કંપનીઓ ખોલી હતી. ૨૦૦૬માં તેઓએ બહામાસમાં ધ ડાયમન્ડ ટ્રસ્ટની રચના કરી હતી. જે વાસ્તવમાં ડ્રીમલેન્ડ હોલ્ડીંગ કંપની મારફત ચલાવતુ હતું અને સીબીડીટીએ તેનું પગેરૂ દબાવતા તેઓએ સ્વીસ બેંકમાં રહેલા ખાતામાંથી માહિતી મળી હતી. ઉપરોક્ત તેઓએ ૨૦૧૦માં નોર્થ એટલાન્ટીક ટ્રેડીંગ અનલીમીટેડ નામની વિદેશી કંપની ખોલી હતી.

હાલમાં જ જે પેંડોરા પેપર્સના નામે ભારતીયોના વિદેશમાં બેનામી રોકાણો મિલ્કતો અંગે ઘટસ્ફોટ થયો તેનાથી આ કડીઓ મળી હતી અને બાદમાં આવકવેરા વિભાગ હોમવર્ક અને બ્લેકમની એકટ ૨૦૧૫ મુજબ રૂા.૮૦૦ કરોડની વિદેશી મિલ્કત રોકાણ અંગે હવે કામગીરી ચાલશે. અગાઉ બ્રિટનની એક કોર્ટમાં અનિલ અંબાણીએ પોતે દેવાળીયા થઈ ગયા હોવાથી અને તેમની અંગત મિલ્કત શૂન્ય હોવાનો દાવો કર્યો હતો.

## ઉત્તર પશ્ચિમ ભારતમાં અંગ દઝાડતી ગરમી, દિલ્હી, મ.પ્ર.માં પારો ૪૭ ડિગ્રીને સ્પર્શયો

નવીદિલ્હી,

મધ્ય પ્રદેશ અને દિલ્હીના લોકો કાળઝાળ ગરમીમાં શેકાયા હતા. મધ્ય પ્રદેશના નાવગોંગ શહેરમાં ગરમીનો પારો ૪૭ ડિગ્રી સેલ્સિયસે પહોંચી ગયો હતો. જ્યારે ૧૬ શહેરોમાં ૪૫ ડિગ્રી અને તેનાથી વધારે તાપમાન નોંધવામાં આવ્યું હતું. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર વિદર્ભ, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, પશ્ચિમ રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં લોકો હીટવેવનો સામનો કરી રહ્યાં છે.ઉત્તર પ્રદેશના બાંદા, રાજસ્થાનના ગંગાનગરમાં મહત્તમ તાપમાન અનુક્રમે ૪૬.૮ ડિગ્રી સેલ્સિયસ અને ૪૬.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.

દિલ્હીના સફદર ગંજમાં મહત્તામ તાપમાન ૪૪.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. ઉત્તર પશ્ચિમ દિલ્હીના મુંગેશપુરમાં મહત્તમ તાપમાન ૪૭.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ચારથી પાંચ દિવસોમાં ઉત્તર પશ્ચિમ ભારતમાં ગરમીથી કોઈ રાહત મળશે નહીં. મધ્ય ભારતમાં પણ આગામી બે દિવસ ગરમી ઘટશે નહીં. જો કે ત્યારબાદ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની શકયતા છે. આ દરમિયાન દક્ષિણપશ્ચિમ ચોમાસાએ સમગ્ર ઉત્તર પૂર્વ ભારતને આવરી લીધુ છે. છેલ્લા ૨૪ કલાકમાં આસામ અને મેઘાલયમાં ભારે વરસાદ પડયો હતો.

દક્ષિણ પેનિન્સુલામાં મંગળવારથી ચોમાસાની પ્રવૃત્તિ શરૃ થશે. આઈએમડીના જણાવ્યા અનુસાર આગામી પાંચ દિવસોમાં કર્ણાટક, કેરળ, લક્ષદ્વીપ, આંધ્ર પ્રદેશ, તેલંગણા, તમિલનાડુ, પુડુચેરીમાં આગામી પાંચ દિવસમાં સામાન્યથી લઈને ભારે વરસાદ પડવાની સંભાવના છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ભુરીયા મોહનભાઈ ખીમજીભાઈ

તરફથી અભીનંદન....

મુ. પટેલ ફળિયું-વાકોટા, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

મંડોરવાલા મહમદી સૈફુદ્દીન

તરફથી અભીનંદન....

મુ. મંડોર બસ સ્ટેશન, તા. ધાનપુર, જી. દાહોદ

## મૂસેવાલા હત્યાકાંડમાં મોટો ઘટસ્ફોટ, ૮ શાર્પ શૂટર્સની ઓળખ કરાઇ

નવીદિલ્હી,

સિદ્ધી મૂસેવાલા હત્યાંકાડ અંગે મોટો ઘટસ્ફોટ થયો છે. અહીં ૮ શાર્પ શૂટર્સની ઓળખ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે તેઓ પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને મહારાષ્ટ્રના રહેવાસી છે. આ તમામ શાર્પ શૂટર્સ લોરેન્સ ગેંગમાં કાર્યરત છે. પંજાબ પોલીસને શંકા છે કે આ તમામ હત્યારાએ ૨૯ મે માનસામાં પંજાબી સિંગરની ગોળી મારી હત્યા કરી દીધી હતી. તેમની ઓળખ થયા પછી આ ૪ રાજ્યોની પોલીસ શાર્પ શૂટર્સને પકડવા કાર્યરત થઈ ગઈ છે. આના સિવાય હત્યારાઓને હથિયાર અને ગાડી આપનારા, હત્યા પહેલા રોકાણ માટે વ્યવસ્થા કરાવનારા શખસ અંગે પણ પોલીસે તપાસ શરૂ કરી દીધી છે.



મૂસેવાલા હત્યાંકાડંમાં સુભાષ બોંદા, સંતોષ યાદવ, સૌરભ, મનજીત સિંહ, પ્રિયવર્ત ફૌજી, હરકમલ, જગરૂપ સિંહ રૂપા અને મનપ્રીત સિંહ સામેલ છે. આમાં હરકમલ, રૂપા અને મનપ્રીત પંજાબના રહેવાસી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે મૂસેવાલાની હત્યાના ૩ દિવસ પહેલા આ તમામ કોટકપુરા હાઈવે પર ભેગા થયા હતા. ત્યારપછી અહીં રોકાણ કર્યું અને તેમને ૨ અજાણ્યા શખસોએ સહાય કરી હોવાની માહિતી મળી રહી છે. પંજાબ પોલીસે હિટલિસ્ટ યાદીમાં ૧૦ શાર્પ શૂટર્સના નામ સામેલ કર્યા છે. જેમાં ૮ શાર્પ શૂટર્સ સિવાય વધુ ૨ ગેંગસ્ટર પણ સામેલ છે. જેમની ઓળખ બહાર પાડવામાં આવી નથી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગેંગસ્ટર લોરેન્સે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલને જણાવ્યું કે મૂસેવાલાની હત્યા માટેના હથિયાર રાજસ્થાનના જોધપુરથી લાવવામાં આવ્યા હતા. આ હથિયારો વિજય, રાકા અને રણજીત નામના ૩ શખસો લાવ્યા હતા. પંજાબ પોલીસની તપાસમાં બહાર આવ્યું હતું કે હુમલાખોરો માટે બોલેરો ગાડી રાજસ્થાનથી લાવવામાં આવી હતી.

પંજાબ પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે મૂસેવાલાની હત્યા કરનારા શાર્પ શૂટર્સ ઉત્તર પ્રદેશ અને નેપાળમાં છુપાયા હોઈ શકે છે. ઉત્તરનું મુઝફ્ફરનગર પોલીસના રડાર પર છે. આ સિવાય દિલ્હી પોલીસે નેપાળમાં દરોડા પાડ્યા છે. પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની ૨૯ મે, રવિવારે સાંજે ૫:૩૦ વાગ્યે માણસાના જવાહરકે ગામમાં હત્યા કરવામાં આવી હતી. મૂસેવાલાની ગાડી પર લગભગ ૪૦ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. મુસેવાલાના શરીર પર ૧૯ ઘા મળી આવ્યા હતા. જેમાં ૭ ગોળી સીધી મુસેવાલાને વાગી હતી. મૂસેવાલાને ગોળી માર્યાની ૧૫ મિનિટમાં જ મારી નાખવામાં આવ્યો હતો. બોલેરો અને કોરોલા વાહનો દ્વારા ચેઝ કર્યા બાદ થાર જીપમાં જઈ રહેલા મૂસેવાલાનું મોત થયું હતું. તે સમયે મુસેવાલા સાથે કોઈ ગનમેન નહોતો.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરાપુરના ઉખરેલીના સીમલીયા પાડા વિસ્તારમાં પાણીની સમસ્યાને લઈ ૧૫૦૦ રૂપીયામાં ટેન્કર લાવવા મજબુર


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના ઉખરેલી ગામના સીમલીયા પાડા વિસ્તારમાં પાણીની ગંભીર સમસ્યા પંદરસો રૂપિયા ખર્ચીને દર બે દિવસે પાણીનું ટેન્કર લાવવું પડતું હોય છે. સંતરામપુર તાલુકાના ઉખરેલી ગામના સીમલીયા પાડા વોર્ડ નંબર એકમાં આવેલું આ વિસ્તારની અંદર પાણી જોઈતો હોય તો રૂપિયા પંદરસો ખર્ચ કરવો પડે કારણકે મૂંગા પશુઓની પાણી પીવડાવવા માટે સૌથી મોટો પ્રશ્ન ઊભો થયેલો છે. બે થી ત્રણ હેડ પંપ હોવા છતાંય પરંતુ બગડેલા અને બંધ હાલતમાં છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં સ્તર નીચે જવાના કારણે કુવાઓ નદીઓ તળાવો ખાલીખમ અને સૂકા બંધ કેટલાક પરિવારો નાછૂટકે બે કિલોમીટર પ્રાથમિક શાળા વર્ગ ડુંગરા ઉતરીને ચડીને ચાલીને પાણી લાવા મજબૂર બન્યા. ગ્રામજનોએ આક્ષેપ કર્યો કે, છેલ્લા ૧૫ વર્ષથી એક જ સરપંચ ચૂંટણી આવે છે પણ અત્યાર સુધીમાં અમારા વિસ્તારમાં પાણીની સુવિધા પૂરી પાડે જ નથી. અમારા વિસ્તારમાં બાજુના થઈને આશરે ૫૦ જેટલા મકાનો આવેલા છે. ૩૦૦ જેટલા માણસોની અમારી વસ્તી છે. પંદર સો રૂપિયા વારાફરતી ખર્ચીને બધા ભાગે ફરતા ફાળો ઉઘરાવી અમે મૂંગા પશુઓ માટે અને ઘર વપરાશ માટે દર બે દિવસે ટેન્કર મંગાવીએ છીએ પરંતુ સરકાર દ્વારા તે તંત્ર દ્વારા અમારા અંતરિયાળ વિસ્તારમાં ગરીબ આદિવાસી પરિવારો માટે પાણી માટે અનેકવાર રજૂઆત કરવા છતાંય સાંભળવામાં આવતું નથી. અમને અમને પાણીની સુવિધા પૂરી પાડે ટેન્કર વડે અને મુંગા પશુઓને જીવ બચાવવા માટે પાણી સખત જરૂર છે. ઘણીવાર તો પાણી માટે અમારે આજુબાજુના બીજા વિસ્તારોમાં જઈને મજબુર બન્યા૧ અમે બે કિલોમીટર ચાલીને ડુંગરા ચડીને ઉતરીને પાણી લેવા જઈએ છીએ અમને પાણી માટે ઘણી તકલીફ પડે છે. શાંતાબેન રત્નાભાઈ ખરાડી ગામ ઉખરેલી સીમલીયા પાડા ફળિયુ ૨ પાણી મળવાના કારણે ચારથી પાંચ દિવસ સુધી કપડા ભેગા કરીને ધોવા પડતા હોય છે અથવા બીજા ગામની અંદર નદી પર જઈને ધોવા પડે છે. હંસાબેન ખરાડી ૩ ગામની અંદર ઉનાળો શરૂ થતાં પાણીની મુશ્કેલી વધી રહી હતી. દર બે દિવસે રૂપિયા પંદરસો ખર્ચીને ટેન્કર મંગાવું પડતું હોય છે. પાણી માટેની અનેકવાર રજૂઆત કરવા છતાં સાંભળવામાં આવતી નથી.

# સંતરામપુર LIC બ્રાન્ચ મેનેજરએ સ્વૈચ્છિક નિવૃતિ લેતાં સન્માન સમારંભ યોજાયો



સંતરામપુર,
સંતરામપુરના બ્રાન્ચ મેનેજર બાબુભાઈ ડામોર ચાલુ ફરજ પરથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી ચાલુ ફરજ પર રાજીનામું મૂક્યું. સંતરામપુરના બ્રાન્ચ મેનેજર અને કડાણા તાલુકાના ડીટવાસ ગામના વતની આદિવાસી સમાજના અગ્રણી એલઆઈસીમાં બ્રાંચ મેનેજર તરીકે ફરજ બજાવી રહ્યા હતા. ૧૩ વર્ષની હજુ પણ તેમની સર્વિસ બાકી હતી પરંતુ સમાજસેવા અને આગામી વિધાનસભામાં અને રાજકારણમાં રસ ધરાવવામાં ઈન્ટરેસ્ટ જાગતા તાત્કાલિક રાજીનામું મુકીને આગામી વિધાનસભામાં ઝંપલાવવાનું નક્કી કર્યું છે. મૂળ ડીટવાસના વતનના આદિવાસી સમાજ અને પરિવારોમાં વિશાલ મોટી સંખ્યામાં સાથ અને સહકારથી આજે તેમને સંતરામપુર નગરના નગરપાલિકા ટાઉનહોલ ખાતે વિદાય સમારંભ રાખેલો હતો. જેમાં મોટી સંખ્યામાં સમાજના અને અન્ય પક્ષના અગ્રણીઓને નેતાઓ પણ હાજર રહ્યા હતા. કડાણા તાલુકો અને સંતરામપુરના આદિવાસી સમાજની પૂર્વ પટ્ટી માંથી તેમના માટે લોકભાગીદારી અને યુવા નેતાઓ તરીકે પસંદગી કરી છે.

# સંતરામપુરના હઠીપુરા ગામે જમીનમાં ઓટલો બનાવવાની બાબતે મારમારી ઈજાઓ કરતાં ફરિયાદ



સંતરામપુર,
સંતરામપુર તાલુકાના હઠીપુરા ગામે જમીનમાં ઓટલો કેમ બનાવો છો, ફરિયાદી આટલું કહેતા જ ચાર વ્યકિત ભેગા થઈને મારામારી કરી અને ધારિયા વડે હુમલો કરીને ખભાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. સંતરામપુર તાલુકાના હટી પુરા ગામે ફરિયાદીએ કહ્યુંકે, તમે અમારી જમીનમા ઓટલો કેમ બનાવો છો. એટલું કહેતાં ચાર જણાએ ભેગા મળીને મારામારી કરી હતી. ગાળો સંભળાવી હતી આરોપી વિપુલભાઈ ડાહ્યાભાઈ પટેલ અંબાલાલ મનહરભાઈ પટેલ છોડાવવા પડેલા તો વિપુલભાઈ આવીને ધારિયા વડે તેમના ઉપર હુમલો કર્યો હતો અને ગંભીર ઈજા પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સંતરામપુર પોલીસ સ્ટેશનમાં પ્રવીણભાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સંતરામપુર પોલીસી ચારના વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો અંબાલાલ રણછોડભાઈ પટેલ, વિપુલભાઈ ડાહ્યાભાઈ પટેલ, ડાહ્યાભાઈ રણછોડભાઈ પટેલ, રેખાબેન અંબાલાલ પટેલ પોલીસે ચારના વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો. અંબાલાલ મનહરભાઈ પટેલને ગંભીર ઈજા થવાના કારણે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ બાબતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી.

# મહિસાગર જિલ્લામાં ધોરણ ૧૦માં પ્રથમ નંબર મેળવનાર યશ્વી ઠક્કર


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
રાજ્યમાં એસએસસી બોર્ડનું પરિણામ ૯૪.૮૫ ટકા રપ્પાવતી કેન્દ્ર જ્યારે સુરત જિલ્લાનું ૭૫.૫ અને રાજ્યમાં સૌથી ઓછું પરિણામ પાટણ જિલ્લાનું મહિસાગર જિલ્લાનું સરેરાશ ૫૯ પોઈન્ટ ૯૫ ટકા રહ્યું હતું. મહિસાગર જિલ્લામાં તા.૪.૬.૨૦૨૨ ના એચએસસીનું પરિણામ પણ જાહેર થયું હતું. તા.૬.૬.૨૦૨૨ ના એસએસસી ધોરણ–૧૦નું પરિણામ જાહેર થતાં વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. અગાઉ કોરોના કાળના સમયને અનુલક્ષીને સરકારશ્રી ની ગાઈડલાઈન મુજબ માસ પ્રમોશન આપવામાં આવ્યું હતું. મહિસાગર જિલ્લાના વીરપુર તાલુકામાં એસએસસી પ્રથમ નંબર મેળવનાર ઠક્કર યશ્વીબેન વૈભવભાઈ જેણે મહિસાગર જિલ્લામાં પર્સન્ટેઝ ૯૭ પોઈન્ટ ૬૩% મેળવેલ છે. અને પર્સેન્ટાઈલ ૯૯ પોઈન્ટ ૯૯ મેળવેલ છે. જે જિલ્લા માટેઅને વિરપુર તાલુકા માટેગૌરવની બાબત છે.

# દે.બારીઆ તાલુકામાં બે અલગ-અલગ માર્ગ અકસ્માત બનાવમાં બે યુવકોના મોત

દાહોદ,
દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકામાં વાહન ચાલકોની ગફલતના કારણે બે જુદી જુદી જગ્યાએ માર્ગ અકસ્માતના સર્જાયેલ બે બનાવોમાં બે યુવકોના મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના ભડભા ગામે હાઈવે રોડ પર બનવા પામ્યો હતો. જેમાં ગત તા. ૦૪ જુનના રોજ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ અજયભાઈ ઉર્ફે દિપક કનુભાઈ ડામોર (રહે. બીયામાળી, ભેદી ફળિયું, તા. ઝાલોદ, જિ.દાહોદ) ની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં અર્જુનભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતાં જેને પગલે અર્જુનભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવતાં સારવાર દરમ્યાન તેમનું મોત નીપજતાં આ સંબંધે બીયામાળી ગામે ભેદી ફળિયામાં રહેતાં દિનેશભાઈ મગનભાઈ ડામોરે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના ગુણા ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૪ જુનના રોજ આ ગામમાં ભારતમાલા દિલ્હી–મુંબઈ નેશનલ હાઈવે રોડની કામગીરી ચાલતી હોઈ તેમાં ડમ્પીંગ માટે માટી ખાલી કરાવતાં ભારતરામ રામલાલ નાયક (રહે. ગોવર્ધનપુરા, સાનદા, તા. ભાનપુર, જિ.મંદસૌર, મધ્યપ્રદેશ) ના ભત્રીજાને પુરઝડપે આવી રહેલ એક ડમ્પરના ચાલકે અડફેટમાં લેતાં તેમને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. સારવાર દરમ્યાન તેમનું મોત નીપજતાં આ સંબંધે ભારતરામ રામલાલ નાયક દ્વારા સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદને પ્લાસ્ટીક મુક્ત કરી, હરિયાળું બનાવવાનો સંદેશો આપતા કલેક્ટર

દાહોદ,
જિલ્લા સેવા સદન ખાતે આવેલા ઈવીએમ વેરહાઉસ ખાતે કલેકટર ડો. હર્ષિત ગોસાવી સહિતનાં અધિકારીઓએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જતનનો સંદેશો પાઠવ્યો હતો. કલેકટર ડો. ગોસાવીએ ગ્લોબલ વોર્મીંગ સહિતની વૈશ્વિક સમસ્યાઓ વધુમાં વધુ વૃક્ષો વાવીને દૂર કરી શકાય છે તેમ જણાવ્યું હતું. તેમણે દાહોદને પ્લાસ્ટીક મુક્ત કરી, હરિયાળું બનાવવાનો સંદેશો વિશ્વ પર્યાવરણદિવસે નાગરિકોને આપ્યો હતો. આ પ્રસંગે નાયબ વન સંરક્ષક, નાયબ ચૂંટણી અધિકારી સહિતના અધિકારીઓ,કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# વડોદરાની સેન્ટ્રલ જેલમાં રેપ વિથ મર્ડર કેસના આરોપીએ આપઘાત કર્યો

વડોદરા,
વડોદરાની સેન્ટ્રલ જેલમાં પાકા કામના કેદીએ આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. રેપ વિથ મર્ડરના કેસના આરોપી છોટા ઉદેપુરના કેદી કાંતિ રાઠવાએ જેલમાં ગળાફાંસો ખાઈને આપઘાત કર્યો છે. આરોપી છેલ્લાં ૧૪ વર્ષથી પાકા કામના કેદી તરીકે સજા ભોગવી રહ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યાં અનુસાર, છોટા ઉદેપુરના કાંતિભાઈ લટુભાઈ રાઠવાને વર્ષ-૨૦૦૭ ના રેપ વિથ મર્ડર કેસમાં આજીવન કેદ થઈ હતી અને વડોદરા સેન્ટ્રલ જેલમાં તે સજા કાપી રહ્યો હતો. જેલ બંધ થયા બાદ એક કેદી ગણતરીમાં ઓછો થતા જેલ સ્ટાફે તપાસ કરતા કાંતિભાઈની પથારી ખાલી હતી. જેથી, જેલ સ્ટાફે તપાસ કરતા કાંતિભાઈએ વણાટ વિભાગમાં ગાદલા અને રૂ બનાવવાના મશીન પાસે એક ટેબલ પર સુતરની આંટી વડે ફાંસો ખાઈ લીધો હતો. જે અંગે પોલીસને જાણ કરવામાં આવતા એ.સી.પી. મેઘા તેવારે સ્થળ પર જઈને આ મામલે તુરંત તપાસ હાથ ધરી હતી. કેદીને જેલમાં અન્ય કોઈ કેદી કે જેલ સ્ટાફ સાથે કોઈ અણબનાવ ન હતો. પરંતુ તેમ છતાં પોલીસે આપઘાતનું કારણ જાણવા માટેના પ્રયાસો હાથ ધર્યા છે. જ્યારે અન્ય એક બનાવમાં માનસિક રોગની સારવાર લેતા એક કેદીએ જાતે પોતાના શરીર પર બ્લેડ મારી દીધી હતી. તેમજ ખીલી અને સ્ક્રૂ ખાઈ લેતા તેની તબિયત બગડતા તેને સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં નવા સત્રથી ધોરણ ૧ થી ૩માં ગુજરાતી માધ્યમમાં અંગ્રેજી વિષય ભણાવાશે, શિક્ષણમંત્રીની જાહેરાત




ગાંધીનગર,
ગુજરાતના વિદ્યાર્થીઓનો અંગ્રેજીનો પાયો કાચો ન રહી જાય તે માટે હવે રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના શિક્ષણમંત્રી જીતુ વાઘાણી દ્વારા આજે એક મોટી જાહેરાત કરાઈ છે.

જીતુ વાઘાણીની જાહેરાત પ્રમાણે નવા સત્રથી ધોરણ ૧ થી ૩માં ગુજરાતી માધ્યમમાં અંગ્રેજી વિષય ભણાવવાનો નિર્ણય કર્યો છે. ધોરણ ૧ અને ૨ માં મૌખિક અને ધોરણ ૩ માં પુસ્તક હશે. વિદ્યાર્થીઓને શબ્દો અને ચિત્રો દ્વારા અંગ્રેજી શીખવાશે. બાળકની નાની ઉંમર હોય ત્યારે તેમની યાદ શક્તિ સારી હોય છે, જેના કારણે સરકારનો નાની ઉંમરથી જ અંગ્રેજી વિષય ભણાવવાનો નિર્ણય કરાયો છે.

નોંધનીય છે કે, હાલમાં રાજ્યમાં પાંચમાં ધોરણથી અંગ્રેજી વિષય ભણાવવામાં આવે છે. પરંતુ હાલમાં અંગ્રેજીનું જ્ઞાન હોવું અત્યંત જરૂરી બની ગયું છે અને તેવામાં ગુજરાતના વિદ્યાર્થીઓ પણ અંગ્રેજીમાં પાછળ ન રહી જાય તે માટે સરકાર શરૂઆતથી જ આ વિષય ભણાવવાનું શરૂ કર્યું છે. ધોરણ-૧ અને ધોરણ-૨થી જ અંગ્રેજી ભણાવવામાં આવશે જેથી વિદ્યાર્થીઓનો અંગ્રેજીનો પાયો કોચા ન રહી જાય. પરંતુ હા... ધોરણ ૧ અને ૨ માં મૌખિક અને ધોરણ ૩ માં અંગ્રેજી પુસ્તક મારફતે ભણાવવામાં આવશે. ધોરણ ૧ અને ૨ માં વિદ્યાર્થીઓને મૌખિક શબ્દો અને ચિત્રો દ્વારા અંગ્રેજી શીખવાશે.

વર્તમાન સમયમાં અંગ્રેજી આવડવું ઘણું મહત્વનું બની ગયું છે અને તેનું મહત્વ પણ વધ્યું છે. આજકાલ દરેક જગ્યાએ અંગ્રેજી ભાષાની જરૂર પડે છે. તેથી બાળકો નાનપણથી જ અંગ્રેજીમાં પકડ મજબૂત બને તેના માટે અને આગળ જતાં તેમને તકલીફનો સામનો કરવો ના પડે તેના માટે આ નિર્ણય લેવાયો છે. બાળકની નાની ઉંમર હોય ત્યારે તેની યાદ શક્તિ સારી હોય છે, જેણા કારણે આ નિર્ણય લેવાયો છે.

# પયગંબર વિવાદમાં ઈસ્લામિક દેશોના સમૂહની ટિપ્પણી "અનિચ્છનીય" અને સંકુચિત માનસિકતા રજૂ કરે છે : ભારત



નવીદિલ્હી,
વિશ્વફલક પર વિદેશી નીતિને કારણે પ્રસિદ્ધિ મેળવનાર ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જ બીજેપી સરકારના ટોચના પ્રવકત્તાઓ કરેલ ટિપ્પણીને કારણે વિશ્વફલક પર ભારતની શાખને હાનિ પહોંચી રહી છે. ભાજપના પ્રવકત્તાઓએ કરેલ ટિપ્પણી મુદ્દે મુસ્લિમ દેશો ગુસ્સે ભરાયા છે અને ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ પણ સામાજિક મુદ્દે આ પ્રકારે ભારતીય રાજદૂતોને જવાબ આપવા પડી રહ્યાં છે. જોકે ભારત સરકાર અને ખાસ કરીને એમ્બેસીના સત્તાધીશો બીજેપી પ્રવકત્તાની પયગંબર પરની ટિપ્પણીથી કિનારો કરી રહ્યાં છે અને કહ્યું કે આ તેમની વ્યક્તિગત ટિપ્પણી હોઈ શકે છે અને અથવા પક્ષની હોઈ શકે છે. ભારત આ પ્રકારની વિચારધાર ધરાવતો દેશ નથી.

ભારતીય વિદેશ મંત્રાલયે નિવેદનમાં કહ્યું કે ભાજપના બે પ્રવક્તાની વિવાદાસ્પદ ટિપ્પણી પર મુસ્લિમ રાષ્ટ્રોના સમૂહ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીને અમે નકારી કાઢીએ છીએ. જોકે મુસ્લિમ રાષ્ટ્રોના સમૂહ દ્વારા આ નિવેદન ભારતનું છે અને આ ભારતની વિચારધારા છે તેવા મંતવ્યને ફગાવતા કહ્યું કે તેમના આ વિચારો અયોગ્ય અને સંકુચિત માનસિકતા ધરાવે છે. એક ન્યૂઝ ચેનલ પર પયગંબર મોહમ્મદ વિશે વિવાદાસ્પદ ટિપ્પણી માટે જવાબદાર બે પ્રવકત્તા-નેતાઓ સામે ભાજપે કડક કાર્યવાહી કરી ચૂકી છે.

સાઉદી શહેર જેદ્દામાં સ્થિત ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોર્પોરેશનએ ભાજપના પ્રવક્તા નૂપુર શર્મા દ્વારા પયગંબર મોહમ્મદ પરની ટિપ્પણીની નિંદા કરતા કહ્યું હતુ કે, "ભારતમાં ઈસ્લામ સામે ફેલાવાતી નફરત અને મુસ્લિમો વિરુદ્ધ દુર્વ્યવહારને પ્રતિત કરતા જાહેરમાં આ ટિપ્પણી કરવામાં આવી છે." ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનના સેક્રેટરી-જનરલના તાજેતરના નિવેદન અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં, વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા, અરિંદમ બાગચીએ કહ્યું કે, "અમે ઓર્ગેનાઈઝેશનના સેક્રેટરી-જનરલનું નિવેદનને ધ્યાનમાં લીધુ છે. ભારત ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોર્પોરેશન ઓન ઈન્ડિયાની સમાજવાદની આ વિચારશ્રેણીને નકારી કાઢી છે’’.

એ યાદ રહે કે ભારતીય જનતા પાર્ટીના નેતાઓની પયગંબર મોહમ્મદ પર વિવાદિત ટિપ્પણીને પગલે કેટલાક મુસ્લિમ દેશોએ ભારતીય રાજદૂતને તેડું મોકલ્યું. કતાર, ઈરાન, કુવૈતે ટિપ્પણીઓની ટીકા કરતા કડક વિરોધ નોંધાવ્યો. આ ઉપરાંત કેટલાક અન્ય મુસ્લિમ દેશોએ વિરોધ વ્યક્ત કરતા નિવેદન પણ બહાર પાડ્યા.

ટિપ્પણીઓ મામલે કતાર અને કુવૈત સ્થિત ભારતીય દૂતાવાસના પ્રવક્તાએ એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું કે રાજદૂતે કહ્યું કે તે ટ્વીટ કોઈ પણ પ્રકારે ભારત સરકારના વિચારોને દર્શાવતા નથી. તે હાંસિયાના તત્વોના વિચાર છે. પ્રવક્તાએ વધુમાં કહ્યું કે કતારમાં ભારતીય રાજદૂત દીપક મિત્તલે વિદેશ કાર્યાલયમાં એક બેઠક પણ યોજી જેમાં ભારતમાં વ્યક્તિઓ દ્વારા અન્ય ધર્મના પૂજનીય લોકોને બદનામ કરનારા કેટલાક આપત્તિજનક ટ્વીટ્સ અંગે ચિંતા વ્યક્ત કરાઈ.

અત્રે જણાવવાનું કે જે સમયે કતાર સરકારે ભારતીય રાજનયિકને તેડું મોકલ્યું તે જ સમયે હાલ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડું પણ કતારના પ્રવાસે છે. તેમણએ રવિવારે કતારના પ્રધાનમંત્રી શેખ ખાલિદ બિન ખલીફા બિન અબ્દુલઅઝીઝ અલ સાની સાથે મુલાકાત કરી. આ દરમિયાન કતારના વિદેશ મંત્રાલય દ્વારા ભારતના રાજનયિકને એક નોટ સોંપવામાં આવી. જેમાં ભાજપ દ્વારા બંને નેતાઓના સસ્પેન્શનના નિર્ણયનું સ્વાગત કરાયું.

પયગંબર પર આપત્તિજનક નિવેદન બદલ કતાર સરકારે તો ભારત સરકાર પાસે જાહેરમાં માફીની માંગણી પણ કરી છે. કતાર સરકારે કહ્યું કે કતાર સરકાર ભારત સરકાર પાસે જાહેર માફી અને આ ટિપ્પણીઓની તત્કાળ ટીકાની આશા રાખે છે. આ બધા વચ્ચે કુવૈતમાં પણ રાજદૂત સિબી જ્યોર્જને રવિવારે તલબ કરવામાં આવ્યા અને એશિયાઈ મામલાના સહાયક વિદેશ મંત્રી દ્વારા એક અધિકૃત વિરોધ નોટ સોંપવામાં આવી. ઈરાનમાં ભારતીય રાજદૂત ધામૂ ગદ્દામને પણ તહેરાનમાં રવિવારે સાંજે દક્ષિણ એશિયાના મહાનિદેશક દ્વારા વિદેશ મંત્રાલય તલબ કરાયા. વિવાદાસ્પદ ટિપ્પણીને લઈને કડક વિરોધ વ્યક્ત કરાયો. આ ઉપરાંત અન્ય ઈસ્લામિક દેશો જેમ કે પાકિસ્તાન, અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર, સાઉદી અરેબિયા, બહેરિને પણ વિવાદિત ટિપ્પણીઓ પર આકરો વિરોધ વ્યક્ત કરતા નિવેદન બહાર પાડ્યા છે.

અત્રે જણાવવાનું કે તાજેતરમાં ભારતીય જનતા પાર્ટીના નેતા નૂપુર શર્મા અને નવીનકુમાર જિંદાલ દ્વારા પયગંબર પર આપત્તિજનક ટિપ્પણીઓ બાદ ખુબ હોબાળો મચ્યો હતો. ભાજપ દ્વારા આકરા પગલાં લેવાતા નૂપુર શર્મા તથા નવીન જિંદાલને તાકીદે પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા.

# આપની આજ.......

મેષ : વિદ્યાર્થીઓને નવું જ્ઞાન અને અનુભવ મળશે. ધંધાકીય મુસાફરીનો યોગ થઈ રહ્યો છે. પ્રિયજનોની સહાયથી પૈસા અટકશે. બિઝનેસમાં રોજિંદા કામમાં ખચકાશો નહીં, નહીં તો જે કાર્યમાં ધનલાભ થવાની અપેક્ષા છે.

વૃષભ : શાનદાર જીવનશૈલીમાં જીવવાથી સમાજમાં તમારી ઓળખ સમૃદ્ધ બનશે. આજે કાર્યસ્થળ પરનો સમય ઘટાડશો, પિતાનું માર્ગદર્શન દરેક ક્ષેત્રે લાભકારક સાબિત થશે અને ભાઈ-બહેનોના સહયોગથી ખુશ રહેશો.

મિથુન : આજનો દિવસ તમારા માટે અનુકૂળ રહેશે. આજે વ્યવહાર નરમ હોવાથી તમે કોઈની પાસેથી સરળતાથી કામ કરાવી શકશો. પરિવારના સભ્યોનો તમારામાં વધુ વિશ્વાસ રહેશે, પરંતુ કામમાં ઉદાસી રહેશે.

કર્ક : આજનો દિવસ તમને સામાજિક ક્ષેત્રે આદર આપશે. પરોપકારી કાર્યોમાં રસ લેશો અને ધાર્મિક ક્ષેત્રે દાન કરવાની તક મળશે. ખાતરી કરો કે ક્ષેત્રમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે કોઈ વિરોધાભાસ નથી અને તમારા કાર્યને યોગ્ય રીતે પૂર્ણ કરો.

સિંહ : કાર્યકારી વ્યવસાયમાં આજે વધુ કામ કરશો, તેમ છતાં તમે વધુ ફાયદાની આશા રાખશો. વેપારીઓને વધુ મહેનત કરવી પડશે અને નફા માટે નવી યોજનાઓ પર કામ કરવું પડશે. આજે ક્રોધ પર નિયંત્રણ રાખો.

કન્યા : આજનો દિવસ સાર્વજનિક ક્ષેત્રનો સન્માન મેળવશે. દિવસની શરૂઆતમાં તમે કોઈ વાતે ગુસ્સે થઈ શકો છો, પરંતુ થોડા સમય પછી બધું ઠીક થઈ જશે. માતા અથવા ઘરની મહિલાઓની તબિયતને કારણે વાતાવરણ વ્યસ્ત રહેશે.

તુલા : આજે થોડો ફાયદો થશે, પરંતુ તેને અખંડ રાખવા માટે તમારે વધુ મહેનત કરવી પડશે. શત્રુઓ તમારી છબીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરશે પરંતુ નિષ્ફળ થઈ શકે છે.

વૃશ્ચિક : ધંધામાં લાભની ઘણી તક મળશે, પરંતુ મનોરંજન પ્રત્યેની રુચિ પર વધારે ધ્યાન નહીં આપવું. સમાજમાં કોઈ વિશેષ સિદ્ધિથી તમારું મન પ્રસન્ન રહેશે.

ધનુ : આજે આર્થિક પ્રગતિ થઈ રહી છે. ભાઈઓની સહાયથી અટકેલું કામ સરળતાથી પૂર્ણ થઈ જશે. તમે કુટુંબમાં જે પણ છુપાવવા પ્રયત્ન કરો છો, તેથી ઝઘડો થઈ શકે છે. ગીચ સ્થળોની મુલાકાત લેવાનું ટાળો. તમે સાંજે સામાજિક ક્રિયા-પ્રતિક્રિયામાં વધારો કરી શકશો.

મકર : આજનો દિવસ કોઈ શુભ દિવસ છે તો પણ તમે તેનો પૂરેપૂરો લાભ લઈ શકશો નહીં. કાર્ય વ્યવસાયમાં લાભની તકો મળશે પરંતુ અનુભવના અભાવે તે હાથમાંથી નીકળવાની સંભાવના છે.

કુંભ : આજે જો તમે સંતુષ્ટ છો તો પણ તમે તમારી જાતને અન્ય લોકો સાથે સરખામણી કરવામાં અશાંત હોઈ શકો છો. ભંડોળના ઓછા પ્રવાહ અને વધુ ખર્ચને કારણે આર્થિક સંતુલન બગડી શકે છે.

મીન : આજે કોઈ કારણસર માનસિક વેદના આવી શકે છે. ભૂતકાળમાં કોઈપણ ભૂલથી પસ્તાવો થશે, પરંતુ દબાણમાં સુધારો કરીને પરિસ્થિતિમાં સુધારો થશે. કાર્ય વ્યવસાયની સ્થિતિ પણ સારી રહેશે, પરંતુ કર્મચારીઓ નાના કામ માટે પણ તમારા પર નિર્ભર રહેશે.

# ગોધરા તાલુકાના ભામૈયાના રે.સર્વે.નં.૨૮૦ પૈકી-૨ વાળી જમીનમાં ખોટા પેઢીનામાં અને મરણના દાખલના આધારે વારસાઈ નોંધ માટે અરજી સામે અરજદારે વાંધા અરજી

ગોધરા,

ગોધરા તાલુકાના ભામૈયાના રે.સર્વે.નં.૨૮૦ વાળી પૈકી-૨ વાળી જમીનમાં સામાવાળા ખાતેદારો દ્વારા અબ્દુલ સત્તાર ઈસ્માઈલ મરણ જવાથી સીધી લીટીના વારસદારોનું ખોટી પેઢીનામું તથા મરણના દાખલો રજુ કરી નોંધ નં.૪૭૯૯ તા.૨૩/૫/૨૦૨૨ વારસાઈની અરજી દાખલ કરવામાં આવેલ છે. સદર નોંધ નં.૪૭૯૯ તા.૨૩/૫/૨૦૨૨ના રોજ પાડવામાં આવી છે. જેમાં કેસ હાઈકોર્ટમાં પેન્ડીંગ છે અને સામાવાળાને કોઈ હકક હિસ્સો ન હોવા છતાં અને વારસાઈ માટે પેઢીનામું રજુ કરવામાં આવેલ છે. તે ચકાસવામાં આવે તો તમામ ગેરરીતિઓ બહાર આવે તેમ છે. જેને લઈ સદર વારસાઈ નોંધ ના મંજુર કરવા માટે અરજદાર દ્વારા મામલતદાર (ગ્રામ્ય) ગોધરા સમક્ષ વાંધા અરજી મુકવામાં આવી છે.

ગોધરા ભામૈયાના રે.સર્વે.નં.૨૮૦ પૈકી ૨ ખાત નં.૧૨૦ સામાવાળા સુગરા અબ્દુલસત્તાર કુરકુર, સુગર અબ્દુલ સત્તાર કુરકુરને અ.હમીદ મણકીની પત્ની અને સહિત ૧૨ વ્યકિતનું ખોટું પેઢીનામું તથા મરણના દાખલા રજુ કરી વારસાઈ કરાવી સરકારશ્રીને ગેરમાર્ગે દોરી જમીન પચાવી પાડવાના ઈરાદા થી કરવામાં આવેલ છે. આ વારસાઈ અરજીમાં અબ્દુલસત્તાર ઈસ્માઈના મરણ જવાથી વારસાઈ નોંધ કરવામાં આવેલ છે. પરંતુ આ ઈસમ અબ્દુલ સત્તાર ઈસ્માઈલ કુરકુરનાને નોધ નં.૪૬૯૯ તા.૧૯/૧૧/૨૦૨૧ના રોજની વારસાઈ નોંધમાં જીવિત દર્શાવેલ છે. તેની તપાસ કરવી જરૂરી છે. નોંધ નં.૪૬૯૯માં જે વારસાઈ નાયબ કલેકટર દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હતી. તે નોંધની અગાઉ નોંધ ૪૬૫૩ તા.૪//૨૦૨૧ના રોજ અહેમદ ઈબ્રાહીમ કોલાની મરણ જવાથી પાડવામાં આવેલ હતી. જે નોંધ નાયબ કલેકટર ગોધરા દ્વારા હાઈકોર્ટ મેટર હોવાના કારણો નામંજુર કરવામાં આવેલ હતી અને કોર્ટમા કેસ ચાલુ છે.

સર્વે નંબર-૨૮૦ પૈકી-૨માં નોંધ નં. ૪૫૩૧ તા.૩૦/૧૨/૨૦૨૦ના રોજ પાડવામાં આવી હતી. તેમાં ઈસ્માઈલ એહમદ કુરકુર જે બિન ફરજંદ ગુજરી ગયેલ હોય તેમ છતાં તેઓનું ખોટું પેઢીનામું રજુ કરી વારસાઈની ખેતી કરાવી સરકારશ્રીને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરવામાં આવ્યો હતો. જે નોંધ નાયબ કલેકટર ગોધરા દ્વારા નામંજુર કરવામાં આવેલ છે. નોંધ નં.૪૬૯૯માં ખોટા મરણ દાખલો રજુ કરી ગુજરનારનું નામ બદલીને ફરી વારસાઈ નોંધ માટે અરજી કરવામાં આવી છે. અરજદાર ફારૂક ઈબ્રાહીમ જરદા પંચમહાલ જીલ્લા કલેકટરની કોર્ટમાં વાંધા અરજી દાખલ કરેલ જેની અપીલ પેન્ડીંગ છે.

સર્વે નં. ૨૮૦ પૈકી-૨ વાળી જમીન અરજદાર ફારૂક ઈબ્રાહીમ જરદાના દાદી ખદીજાબીની ઉસ્માનબેલીને યુસુફ ઈબ્રીમ જરદાની પત્નીના વારસદારોના કાયમી કબ્જા ભોગવટામાં છે. સામાવાળાઓ માત્ર કાગળ ઉપર એન્ટ્રી પડાવી રેવન્યુ રેકર્ડ ઉપર ગેરરીતિ કરેલ છે. ઈસ્માઈલ એહમદ કુરકુરનું નામ સરકારી નોંધ નં.૭૪૨ તાચ.૭/૧૧/૧૯૫૭ના રોજ કમી થઈ ગયેલ છે અને ફારૂક ઈબ્રાહીમ જરદાના દાદી ખદીજાબીબી ઉસ્માનબેલીનું નામ ૭/૧૧/૧૯૫૭ની નોંધ નં.૭૪૩ દાખલ થયેલ છે. જેની સામાવાળાના લાગ-ભાગ હકક હિસ્સો જમીનમાં આવેલ નથી. તેમ છતાં ઈસમોના ખોટા નામો સરકારશ્રીને ગેરમાર્ગે દોરી દાખલ કરવામાં આવેલને દુર કરવા જીલ્લા કલેકટર પંચમહાલને કરેલ આ કેસ હાઈકોર્ટ અને મહેસુલ સચિવમાં પેન્ડીંગ હોય જેથી નોંધ મંજુર કરવા સામે વાંધો અરજદારે મામલતદાર (ગ્રામ્ય) ગોધરા રજુ કરેલ છે.

ભામૈયા રે.સર્વે.નં.૨૮૦ પૈકી-૨વાળી જમીનમાં નોંધ નં.૪૬૯૯ તા.૨૯/૧૧/૨૦૨૧ના તકરારી કેસ નં.૨૧૪/૨૦૨૧ અને તેના હુકમ થયેલ છે. તે આખો હુકમ મરણના દાખલાના આધીન છે. મર્હુમ યાકુબ ઈબ્રાહીમ કોલા ૨૧/૧૨/૨૦૧૦ના રોજ ગુજરી ગયેલ છે. જેની નોંધણી નગર પાલિકામાં થયેલ છે. તેમ છતાં આરોપીઓ ૨૦/૧૨/૧૯૮૮નું રોજ બોગસ મરણનું પ્રમાણપત્ર રજુ કરી ખોટી વારસાઈ કરાવેલી છે. જેની નોંધ નં.૪૫૩૧ તા.૩૦/૧૨/૨૦૨૦ના રોજ અને નોંધ-૪૬૯૯ તા.૧૯/૧૧/૨૦૨૧ના બન્ને નોંધ નામંજુર થતા નાયબ કલેકટર પ્રાંત હુકમ રેસ જયુડીકેસ હોવા છતાં તકરારી નોંધ પ્રમાણિત કરેલ છે. મરણ જનારના બોગસ પ્રમાણપત્ર રજુ કરી બિનફરજ વ્યકિતની વારસાઈ બનાવેલ છે. આરીફ સિદ્દીક કુરકુર અને મોહસીન મોહમદ યુસુફ કુરકુર દ્વારા એક જ વ્યકિતના જાતના નામો અને તારીખો ખોટી રીતે રેકર્ડ ઉપર લઈ વારસાઈ કરાવેલ છે. તેમની વિરૂદ્ધ ફોજદારી ગુનો નોંધાવાની માંગ સાથે જીલ્લા પોલીસવડાને લેખિત રજુઆત કરી છે.

# પંચમહાલ જીલ્લામાં સરકારી કચેરીમાં ટેન્ડર પ્રક્રિયા થી ભાડે મુકતા વાહનોનું ભાડું ઘટાડી દેતાં વાહનધારકોને આર્થીક નુકશાન

ગોધરા,

પંચમહાલ જીલ્લાની સરકારી કચેરીઓમાં ટેન્ડર પ્રક્રિયા દ્વારા વાહનો ભાડે રાખવામાં આવે છે. સરકારી કચેરીઓમાં ભૂતકાળમાં ૧૯,૦૦૦/-રૂપીયા હતા. તે ઘટીને ૧૭,૫૦૦/- કરવામાં આવ્યા છે. ડીઝલ અને પેટ્રોલના ભાવ ૧૦૦ ઉપર થઈ ગયો છે. ત્યારે ટેન્ડર પ્રક્રિયામાં વાહન દીઠ નિયત માસીક ભાડુ નકકી કરીને ઈજારેદારો જે વગર વાહને અધધ આવક કરતા રોકીને વાહન ધારકોને આર્થિક ફાયદો થાય તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરવામાં આવી.



પંચમહાલ જીલ્લા પંચાયત કચેરી સહિતમાં સરકારી કચેરીઓમાં ટેન્ડર પ્રક્રિયા થી ભાડે થી વાહનો મેળવવામાં આવતા હોય છે. જીલ્લામાં ભૂતકાળમાં વાહન દીઠ ૧૯,૦૦૦/-રૂપીયાનો ભાવ ચુકવાતો હતો તે ઘટીને ૧૭,૫૦૦/-રૂપીયા કરી દેવામાં આવ્યો છે. આજની મોંઘવારીના સમયમાં જ્યારે ઈંધણના ભાવ સરેરાશ ૧૦૦ રૂપીયા ઉપર પહોંચી ગયા છે. ત્યારે દર વર્ષે નવી ટેન્ડર પ્રક્રિયામાં વાહન ભાડામાં વધારો થવાની જગ્યાએ ઘટાડો થઈ ગયોછે. ત્યારે ટેન્ડર પ્રક્રિયામાં વાહન દીઠ મીનીમમ પેમેન્ટ ચુકવવાની જોગવાઈ કરવામાં આવે જીલ્લામાં સરકારી કચેરીઓ દ્વારા ભાડાના વાહન માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવતી હોય ત્યારે ઈજારેદારો જેની પાસે પોતાનું એકપણ વાહન ન હોય તેવા ઈજારેદારો ભાડેથી મુકેલા વાહનો પેટે કમીશન પેટે અધધ કમાણી કરે છે. ત્યારે આવી કાયમી મોંઘવારીમાં ભાડેથી વાહનો મુકતા વાહન માલિકોને આર્થિક ફાયદો થાય તે માટે યોગ્ય કાર્યવાહી થાય તેવી માંગ સાથે પંચમહાલ કાર એસોસીએશન દ્વારા જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા આરોગ્ય અધિકારી, તાલુકા હેલ્થ ઓફિસરોને લેખિત રજુઆત કરવામાં આવી છે.

# હાલોલ ચંદ્રપુરા પાસે આવેલી શૈલી એન્જીનીયરીંગ કંપની દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ



હાલોલ,

હાલોલ ચંદ્રપુરા શૈલી એન્જીનીયરીંગ કંપનીના E.H.S. અર્પિતભાઈ તથા H.R. શિવમભાઈ દવે.ચિરાગભાઈ દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણીનું આયોજન કરવામા આવેલ હતુ. જેમાં જયેશભાઈ મેસુરીયા તથા સપનભાઈ પરીધા પ્લાન્ટ હેડ મેહમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શૈલી એન્જીનીયરીંગ કંપનીના કામદારોને પર્યાવરણ દિવસ દરમિયાન પર્યાવરણ વિશે વિસ્તૃત માહીતી આપી હતી. પર્યાવરણ જતન વિશે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. અને કંપનીના કર્મચારીઓને એક વુક્ષનું વાવેતર કરવાનો કાર્યક્રમ પર્યાવરણ દિવસે શૈલી એન્જીનીયરીંગ કંપની દ્વારા કરાયો હતો. જેમા ૩૦૦ જેટલા વુક્ષોનું વાવેતર કર્યુ હતુ. શૈલી કંપનીના સ્ટાફ તથા કર્મચારીઓ સાથે પર્યાવરણ દિવસે જતન કરવાના સપથ લેવડાવ્યા હતા.

# હાલોલ-વડોદરા હાઈવે મધાસર પાસે ટ્રેલર ચાલક પાવાગઢ પગપાળા જતાં યાત્રાળુને ટકકર મારતા મોત

હાલોલ,

પગપાળા પાવાગઢ જતા યાત્રાળુને મધાસર પાસે અજાણ્યા ટ્રેલર ચાલકે ટક્કર મારતા ગળતેશ્વર તાલુકાના શરનાલ ગામ સુખીની મુવાડીનાઓનુ ગંભીર ઈજાઓના કારણે હોસ્પિટલ સારવાર દરમિયાન મૃત્યુ.



પ્રાપ્ત માહિતી મુજબ ઠાસરા તાલુકાના સુખી ના મુવાડા ગામનાં બે કુટુંબી ભાઈઓ વાઘેલા અજીતસિંહ ભગવાનભાઈ અને વાઘેલા રણજીતસિંહ બલુસિંહ પાવાગઢ ચાલતાં જતાં હતાં. તે સમયે વહેલી સવારે ૫ વાગ્યાની આજુબાજુ કાલોલ-હાલોલ હાઈવે રોડ ઉપર રાજપુતાના કંપનીથી થોડે દુર કોઈ અજાણ્યા ટ્રક ચાલકે પાછળથી ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં વાઘેલા અજીતસિંહ ઉ.વ આશરે ૪૦ ને માથાના ભાગમાં ગંભીર ઈજાઓ પહોંચતાં લોહી નીકળવા લાગ્યું હતું. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તેને તાત્કાલિક હાલોલ રેફરલ હોસ્પિટલમાં દવા-સારવાર માટે લઈ ગયાં હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાને કારણે મોત થયું હોવાનું જાહેર કર્યું હતું. સમગ્ર બનાવની જાણ હાલોલ પોલીસ સ્ટેશન ખાતે રણજીતસિંહ બલુસિહ વાઘેલાએ હાલોલ પોલીસ સ્ટેશન ફરિયાદ ની જાણ કરી હાલોલ રેફરેલ હોસ્પિટલ પાસે મૃતક અજીતસિંહ ભગવાનભાઈ વાઘેલા નાઓનુ પી.એમ કરવાની તજવીજ કરી અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ કાયદેસર ગુનો નોધી તપાસ હાથ ધરાઈ.

# ગોધરા સાતપુલ ગુલશન સર્વિસ સ્ટેશન થી ૨૦૦ મીટરના રોડ ગેરકાયદેસર રીતે GCBથી ખોદી નાખી નુકશાન કરતા કાયદેસર કાર્યવાહીની માંગ સાથે બી ડીવીઝન પોલીસ મથકે રજુઆત

ગોધરા,

ગોધરા નવી રોઝી હોટલ પાછળ કેપ્સુલ પ્લોટ સાતપુલમાં ૨ મે ૨૦૨૨ના રોજ બપોરના સમયે ગુલશન સર્વિસ સ્ટેશન થી રમજાની જાડીના મકાન સુધીના ૨૦૦ મીટરનો સીસી રોડ સામાવાળા ઈસમ દ્વારા જેસીબી મંગાવીને તોડી નાખવામાં આવેલ હોય સરકારી મિલ્કતમાં ગેરકાયદેસર તોડફોડ કરવાના ગુન્હામાં કાયદેસર કાર્યવાહી કરવાની માંગ સાથે બી ડીવીઝન પોલીસ મથકે લેખિત ફરિયાદ.



ગોધરા નવી રોઝી હોટલ પાછળ કેપ્સુલ પ્લોટ સાતપુલ ખાતે રહેતા અલ્તાફ અ.સલામ દુલ્લી પરીવાર સાથે રહેતા હોય ત્યારે ૨ મે ૨૦૨૨ના રોજ રમઝાન માસ દરમિયાન જ્યારે લોકો આરામ કરતા હતા. ત્યારે મોહમંદ હનીફ મહેબુબ પિત્તલ એ ગુલશન સર્વિસ સ્ટેશન થી રમજાની જાડીના મકાન સુધી આશરે ૨૦૦ મીટરનો સીસી રોડ જે ૪ વર્ષ અગાઉ બનેલ હતો. તે ગેરકાયદેસર રીતે જેસીબી મંગાવીને તોડી નાખવામાં આવેલ હતા. આ બાબતે ફળીયાના રહિશોએ વણાંકપુર સરપંચને રોડ તોડી નાખવા બાબતે પુછપરછ કરતા વણાંકપુર પંચાયત તરફ થી રોડ તોડવા માટે પરવાનગી આપવામાં આવી નથી તેમ જણાવતા સરપંચ દ્વારા મોહમંદ હનીફ મહેબુબને બોલાવી પુછપરછ કરતાં હુ મારા ખર્ચે રસ્તો બનાવી આપીશ તેવું બડાસો મારી હતી. આ ઈસમ વણાંકપુર પંચમહાલની ચુંટણીમાં વોર્ડ નં.૧૦માં સભ્ય તરીકે ઉભો હોય હારી જતાં વેરઝેરી રાખી રોડ ખોદી નાખવામાં આવ્યો અને અરજદાર અને ૩ વ્યકિત વિરૂદ્ધ ખોટી અરજી આપીને પરેશાન કરવામાં આવી. આ ઈસમ દ્વારા પંચાયત વિભાગ દ્વારા બનાવવામાં આવેલ સીસી રોડ ગેરકાયદેસર રીતે ખોદી નાખી સરકારી મિલ્કતને નુકશાન કરેલ હોય તેની કાયદેસર કાર્યવાહી કરવાની માંગ સાથે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે લેખિત રજુઆત.

# પંચમહાલ જીલ્લાનું ધો.૧૦ બોર્ડનું પરિણામ ૫૯.૫ ટકા આવ્યું

## ગોધરાનું પરિણામ ૭૧.૧૫ નોંધાયું

ગોધરા,

ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા ધો.૧૦ બોર્ડની પરીક્ષાની પરિણામ જાહેર કરવામાં આવ્યું. આજરોજ જાહેર કરવામાં આવેલ પરિણામમાં જીલ્લાની ૫૯.૦૫ ટકા જાહેર થયું હતું. ચાલુ વર્ષનું પરિણામ ૨૦૨૦ અને ૨૦૧૯ કરતા જીલ્લાને ઓછું નોંધાવા પામ્યું છે.

રાજય માધ્યમિક બોર્ડ દ્વારા ધો.૧૦ના બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું. પંચમહાલ જીલ્લા માંથી ૨૧૩૮૮ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી હતી. પરિણામ જાહેર થતાં જીલ્લાનું ૫૯.૦૫ ટકા આવ્યું છે. જીલ્લામાં એ-૧ માં ૧૦૪, એ-૨માં ૬૦૯, બી-૧માં ૧૫૮૮, બી-૨માં ૩૦૪૭, સી-૧માં ૪૧૦૩, સી-૨માં ૨૮૮૭, ડી-૧૯૫, ઈ-૧માં ૪૧૦૦, ઈ-૨માં ૪૭૬૪, ઈ-૧૨૫૩૪ પરીક્ષાર્થીઓ પાસ થયા છે. પંચમહાલ જીલ્લામાં ગોધરાનું ૭૧.૧૫ ટકા, હાલોલ-૫૩.૭૬ ટકા, કાલોલ-૬૦.૫૮ ટકા, ઘોઘંબા-૬૧.૬૩ ટકા, જાંબુઘોડા-૫૩.૦૮ ટકા, મોરવા(હ)-૫૯.૦૦ટકા, મોરા-૩૦.૨૧ ટકા, શહેરા-૫૬.૦૨ ટકા, બાહી-૬૫.૨૭ ટકા, મોરવા(રેણા) ૬૩.૯૮ ટકા, સાંપા-૩૯.૫૭ ટકા, કાંકણપુર-૫૪.૧૪ ટકા મળી કુલ જીલ્લાનું પરિણામ ૫૯.૫૮ ટકા આવ્યું છે. જીલ્લાનું પરિણામ ચાલુ વર્ષ-૨૦૧૯ અને ૨૦૨૦ના પરિણામો કરતા વધુ નોંધાવા પામ્યું છે.

**પંચમહાલ જીલ્લામાં પાસ થયેલ વિદ્યાર્થીઓના ગ્રેડ અને વિદ્યાર્થીની સંખ્યા**

| ગ્રેડ | વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|
| એ-૧ | ૧૦૪ |
| એ-૨ | ૬૦૯ |
| બી-૧ | ૧૫૮૮ |
| બી-૨ | ૩૦૪૭ |
| સી-૧ | ૪૧૦૩ |
| સી-૨ | ૨૮૮૭ |
| ડી- | ૧૯૫ |
| ઈ-૧ | ૪૧૦૦ |
| ઈ-૨ | ૪૭૫૪ |

# ધી ઈકબાલ ગર્લ્સ સ્કૂલ ગોધરાનું ધોરણ દસનું ૮૦.૨૫ ટકા પરિણામ



ગોધરા,

ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ ધી ઈકબાલ ગર્લ્સ હાઈસ્કૂલમાં વર્ષ ૨૦૨૧-૨૨ના ધોરણ-૧૦નું ૮૦ ૨૫ ટકા પરિણામ મેળવી અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

જેમાં શાળામાં પ્રથમ નંબરે શેખ આયેશા મોહમ્મદ સાદીકિ ૮૭.૬૭ ટકા દ્વિતીય નંબરે પાતળિયા કબશા યાકુબે ૮૬.૮૩ ટકા અને તૃતીય નંબરે મોહન સાદીયા બીલાલે ૮૪.૧૭ ટકા મેળવી શાળા, સમાજ તથા ગોધરા શહેરનું નામ રોશન કરેલ છે.

પંચમહાલ સમાચાર દૈનિક અખબાર વતી સમગ્ર ઈકબાલ શાળા પરિવારને ઉત્કૃષ્ટ પરિણામ મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

## શ્રી સ્વામિનારાયણ પાલ્લી, ઘોઘંબામાં

# શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનનું નવનિર્માણ નૂતન શિખરબંધ મંદિરનો શિલાન્યાસ મહોત્સવ પરમ ઉલ્લાસભેર ઉજવાયો

ઘોઘંબા,

ઘોઘંબા ભારત દેશમાં પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના પંચમહાલ જિલ્લાનો મહત્વનો તાલુકો છે. શ્રી સ્વામિનારાયણ પાલ્લીએ ઘોઘંબા તાલુકામાં આવેલું એક આદર્શ ગામ છે. અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશીય ગુરૂપરંપરાના ચતુર્થ વારસદાર શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર મુકતજીવન સ્વામીબાપાના ચરણારવિંદથી અનેકવાર પ્રસાદીભૂત બનેલું આ ગામ છે.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા અને પાલ્લી ગામો વચ્ચે ધુસ્કો અને કરાડ એ બે નદીઓ આવેલી છે. તે બંને નદીઓના વચ્ચે આવેલા આંબાવાડિયામાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશ ગુરૂપરંપરાના ચતુર્થ વારસદાર શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર મુકતજીવન સ્વામીબાપાએ ૪૮ વર્ષ પહેલાં સૌપ્રથમ પંચમહાલ જિલ્લામાં ઘોઘંબા-પાલ્લીમાં શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કર્યું હતું. ત્યારબાદ ૪૧ વર્ષો સુધી શ્રી સ્વામિનારાયણ ગાદીના પંચમ વારસદાર વેદરત્ન આચાર્ય પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે અવિરત વિચરણ કરી સત્સંગ સંસ્કારોનું સિંચન કર્યું.

મંદિરોથી સંસ્કાર વધે છે. સંસ્કાર હશે તો જ આપણને શાંતિ મળશે. મંદિરમાં વિશ્વબંધુત્વની ભાવના કેળવાય છે. વળી મંદિરોમાં રહેતા ભગવાનને સમર્પિત શુદ્ધ પવિત્ર જીવન જીવતા સંતોનો સમાગમ પણ મંદિરમાં આવવાથી જ સાંપડે છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશ ગુરૂપરંપરાના ચતુર્થ વારસદાર શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર મુકતજીવન સ્વામીબાપા માટે જ કહે છે કે, માણસને સંસ્કારી બનાવવા માટે મંદિર, માણસને ઘડવા માટે મંદિર, સમાજ ઘડતર માટે મંદિર, સમાજની શુદ્ધિ માટે મંદિર, સદાચારની પ્રેરણા માટે મંદિર, મનની સ્થિરતા કેળવવા માટેનું માધ્યમ એટલે મંદિર. ધર્મ જ્ઞાન વૈરાગ્યના પાઠો ભણાવવા માટે મંદિર. માણસને ખરા અર્થમાં માણસ બનાવવા માટે મંદિર. આપણી ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખી તેનું સદાયને માટે પોષણ કરવા માટે મંદિર.

''શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ'' અંતર્ગત મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજના પાવન સાનિધ્યમાં દેશ-વિદેશના અનેક હરિભક્તોએ સ્વામિનારાયણ મંદિરનો શિલાન્યાસ વિધિ અવસરે ષોડશોપચાર વિધિથી મહાપૂજા કરી હતી. શ્રી સ્વામિનારાયણ ગાદીના પંચમ વારસદાર વેદરત્ન આચાર્ય પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના દિવ્ય આશીર્વાદથી પ્રવર્તમાન આચાર્ય સ્વામીજી મહારાજે શિલા-ઈંટોનું કુમકુમ, અક્ષતથી પૂજન અર્ચન કરી શિલાન્યાસ વિધિ કર્યો હતો. ત્યારબાદ ઘણી મોટી સંખ્યામાં હરિભક્તોએ પૂજન કરેલી ઈંટો મસ્તકે લાવી હતી અને પૂજનીય સંતોએ શિલાઓનું પાયામાં આરોપણ કર્યું. વેદોક્ત વિધિ અનુસાર શિલાન્યાસ પૂર્ણ સંપન્ન થયા બાદ સૌ સંતો હરિભક્તોએ સ્વામિનારાયણબાપા સ્વામીબાપા ની આરતી ઉતારી હતી. દેશ-દેશના હરિભક્તોએ દર્શનનો લ્હાવો લીધો હતો.

# શહેરા તાલુકાના લાભી ગામે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું

શહેરા,

શહેરા તાલુકાના લાભી ગામે મુખ્યપ્રાથમિક શાળા ખાતે ગ્રામસભાનુ આયોજન અધિકારીઓની ઉપસ્થિતીમાં કરવામા આવ્યું હતું. જેમાં સરપંચ સહિત, તલાટી, ગ્રામસેવક, આરોગ્ય કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ ગ્રામસભામાં વિવિધ સરકારી યોજનાની માહિતી ગ્રામજનોને આપવા સાથે તેનો લાભ લેવા અનુરોધ કરવામા આવ્યો હતો.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના લાભી ગામ ખાતે આવેલી મુખ્ય પ્રાથમિક શાળામાં ગ્રામસભાનું આયોજન કરવામા આવ્યું હતું. લાભી ગ્રામ પંચાયતના તલાટી કમમંત્રી પ્રવિણભાઈ બારીયાએ ગ્રામસભાની શરૂઆત કરાવી સૌને આવકાર્યા હતા. વર્ષ દરમિયાન લાભી ગામના વિવિધ વોર્ડમાં કરવામા આવનારા કામોની ચર્ચા કરવામા આવી હતી. જેમા વોર્ડ વિસ્તારમાં રહેતા ગ્રામજનોએ પોતાના વિસ્તારમાં જરૂરિયાત મુજબના વિકાસના કામોની રજુઆત કરવામા આવી હતી અને ગામમા વિવિધ વિસ્તારોમાં કયા કામો કરવાના છે. તે અંગે ગ્રામજનો પાસેથી રજુઆત સાંભળીને નોંધ કરવામા આવી હતી. ગ્રામસભામાં સરકારની મહત્વકાક્ષી યોજના નલ સે જલની પણ ચર્ચા કરવામા આવી હતી. જેમાં જણાવામા આવ્યું હતુ કે, આ યોજનામાં દરેક ઘરે પાણી મળે તેવો સરકારનો પ્રયત્ન છે. લાભી ગામમાં આ યોજનાનું જ્યાં કામકાજ બાકી છે. તે કામકાજ પૂર્ણ કરી દેવામા આવશે. સાથે સરકારી વિવિધ યોજનાઓ વિધવા પેન્શન, તેમજ આયુષ્યમાન કાર્ડ, તેમજ સરકાર દ્વારા આગામી ચોમાસા દરમિયાન આપવામા આવતા રાહતદરના બિયારણ સહીતની માહીતી આપવમા આવી હતી. વધુમાં ગ્રામસભામાં કોઈ પરિજન મૃત્યુ પામે તો તેનો બાદ દાખલો કઢાવી લેવા જણાવામાં આવ્યું હતું. ગ્રામસભામાં વિસ્તરણ અધિકારી આઈ.એલ.બારીયા, ગ્રામસેવક આઈ.એલ. ડામોર, આરોગ્ય વિભાગના કર્મચારીઓ, સરપંચ ગલીબેન બારિયા, ગ્રામ પંચાયતના વોર્ડ સભ્યો સહીત અગ્રણીઓ અમરસિંહ બારિયા, શિક્ષકજયેશભાઈ સહીત વીસીઈ પ્રવિણસિંહ બારીયા, આંગણવાડી કાર્યકરો, આશાવર્કર બહેનો સહીત ગ્રામજનો હાજર રહ્યા હતા.